
## ડોસાએ ગામ બચાવ્યુ



જાપાન દેશની આ વાત છે.

દરિયા કિનારે એક નાનો ડુંગર હતો. ડુંગર પર ખેડૂતોનું એક ગામ હતું. દરિયાની બીજુ બાજુ તળેટીમાં એમનાં ખેતર હતાં. સવારે વહેલા ઊઠી લોકો ડુંગર ઊતરી ખેતરના કામે મંડી જતા. ને સાંજ પડયે પાછા ઘેર આવતાં. નાનાંમોટાં સૌ કામ પર જાય. માંદ્દ હોય તે જ ઘેર રહે.

એક દિવસ બધાં કામે ગયાં હતાં. એક ડોસાને બે ત્રણ દિવસથી તાવ આવતો હતો. એક દહાડો તો એ તાવવાળો પણ ગયો.પણ બીજે દિવસે તાવ બહુ જોરમાં આવ્યોી. બધાં એને સમજાવવા મંડયાં કે તાવમાં કામ કરવું સારું નહીં. પણ ડોસાને તો કામ વિના ચેન પડે નહિં. એ કદી માંદો પડતો નહીં. માંદા પડવાની એને શરમ આવતી હતી. ન છૂટકે એને ઘેર રહેવું પડયું.

ડોસો ખાટલામાં પડયો હતો. ત્યાં એની નજર એકાએક દરિયા ઉપર પડી જુએ છે તો એક મોટું મોજું કિનારા તરફ ધસી આવે છે. આ જાતનાં મોંજાંનો ડોસાને અનુભવ હતો. દરિયો ગાંડો બનવાની આ રીતે શરૂઆત થતી. અડધાપોણાં કલાકમાં તો આવાં અનેક ખેતરો, પશુઓ તેમ જ માણસોને ડુબાડી દે. એટલે લોકો ડુંગર પર ગામ બાંધીને રહેતા. પણ ખેતી તો નીચે તળેટીમાં જ કરવી પડે ને!

દરિયામાં આવાં તોફાન આવે ત્યાતરે ડુંગરની બીજી બાજુના ખેતરમાં કામ કરતા લોકો ઘણી વખત ડૂબી જતા. આથી આવું મોજું જોતા ડોસો ધ્રૂજી ઉઠયો. એનામાં જોર ન હતું. નીચે દોડી જઇ લોકોને ખબર આપવા જેટલો વખત ન હતો. બૂમ પડે તો સંભળાય તેમ ન હતું. હવે શું થાય? અડધા કલાકમાં તો મોજાં ડુંગરને ઘેરી વળશે ગામના બધા તણાઇ જશે એ સૌને કેમ બચાવવાં ?

વિચાર કરવા જેટલો પણ વખત ન હતો. ડોસાએ ઘરમાંથી ઘાસતેલનો ડબો ખેંચી કાઢયો. પોતાના ઘર પર ઘાસતેલ છાંટી એણે દીવાસળી ચાંપી જોતજોતામાં ઘર સળગી ઉઠયુ. પવન જોરથી વાતો

હતો, એટલે આગના ભડકા ચારે બાજુએ ફેલાવા માંડયા. તળેટીમાં બૂમાબૂમ થઇ ગઇ. આગ! આગ! એવા પડઘા ડુંગરની ખીણમાં ગાજી ઉઠયા. સૌ પોતપોતાના કામ પડતાં મૂકી, મૂઠીવાળી આગ બુઝાવવા દોડયાં. બધા લોકો ડુંગર પર પહોચ્યાંક ન પહોચ્યાંા ત્યાંા તો ઘુઘવાટા કરતું એક જબરદસ્ત મોજું ડુંગર નીચે અફળાયું. તળેટીનાં બધાં ખેતર ડૂબી ગયાં.

ગામનું એક પણ માણસ એ તોફાનમાં તણાઇ ન ગયું. સૌ કોઇ બચી ગયાં. ડોસાનું ઘર તો બળીને ખાખ થઇ ગયું, પણ ગામ આખું બચી ગયું. ડોસાના આનંદનો પર ન રહયો!